| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | ૬–૩–૨૦૨૬ | | |
| | | કેસ નોંધણી તારીખ | ૬–૩–૨૦૨૬ | | |
| | | કેસ ફેંસલ તારીખ | ૨૩–૧–૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| **GJJN2000 01042026** | **GJJN2000 01052026** | | | | ૧૭ |

**વિસાવદરના મે. ચોથા એડીશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં.**

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૫૧/૨૦૨૬</u>**
**આંક–**

**<u>અરજદાર/આરોપી:</u>–** શંભુભાઈ વશરામભાઈ માંડવીયા
ઉ.વ.આ.૭૦, ધંધો–ખેતી,
રહે.ચણાકા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
હાલ : રહે.ઉમરાડા, તા.બિલાખા, જી.જુનાગઢ.

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૫૨/૨૦૨૬</u>**
**આંક–**

**<u>અરજદાર/આરોપી:</u>–** દુર્લભભાઈ બાવાભાઈ વઘાસીયા,
ઉ.વ.આ.૫૮, ધંધો–ખેતી,
રહે.ચણાકા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
હાલ : રહે.કોટડા, તા.વિસાવદર,જી.જુનાગઢ.

**વિરૂધ્ધ...**

**<u>સામાવાળા:–</u>** સ ર કા ર શ્રી

**વિષય:–** જામીન અરજીમા મુકેલ શરત રદ કરવા અંગેની અરજી.

––––––––––––––––––––––––––––––––––––––––

અરજદારો/આરોપીઓ તરફે : **વિ.વકીલશ્રી આર.બી.પરમાર.**
સામાવાળા તરફે : **વિ.એ.પી.પી.શ્રી વી.એન.માઢક**

––––––––––––––––––––––––––––––––––––––––

# -::ચુકાદો::-

1. હાલના કામના અરજદારો/આરોપીઓ દવારા **ભેંસાણ પો.સ્ટે. ગુ. ર. નંબર :૧૧૨૦૩૦૦૭૨૩૦૨૬૬/૨૦૨૩** ના કામે ચાર્જશીટ થઈ જતા સેશન્સ કેસ નં.૯/૨૦૨૩ ના કામે આઈ.પી.સી. કલમ-૩૦૨, ૧૨૦(બી), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાના કામે ફો.પ.અ.નં. ૫૧/૨૬ ના અરજદાર/આરોપી ધ્વારા ફો.પ.અ.નં. ૩૨/૨૦૨૫ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા તેની શરત નં.૯ તથા ફો.પ.અ.નં. ૫૨/૨૬ ના અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં.૨૮૯૫/૨૦૨૫ ના કામે નામ.ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલા તે ઓર્ડરની શરત નં.જી. રદ કરવા અંગે ક્રિ.પ્રો.કોડની કલમ- ૪૩૯(૨) અન્વયે હાલની અરજી કરેલ છે. બન્ને અરજીઓ એક જ ગુના સબબની એક જ હકીકતવાળી હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તેને સંયુકત રીતે સાંભળીને, સંયુકત રીતે નિર્ણય કરવામા આવે છે.

2. અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદાર તરફે રજુ થયેલ અરજી તથા દસ્તાવેજી પુરાવા તથા પોલીસ તપાસના કાગળો તથા આંક-૬ થી રજુ થયેલ ત.ક.અમલદારનુ સોગંદનામું તથા આંક-૮ થી રજુ થયેલ પોલીસ અભિપ્રાય તથા અભિપ્રાય સાથે રજુ રાખેલ સાહેદોના નિવેદનો વંચાણે લીધા.

3. અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.બી.પરમારે દલીલ

કરતા જણાવેલ છે કે, તેઓની અરજી મુજબની દલીલ છે. ફો.પ.અ.નં.૫૧ /૨૬ ના અરજદારને નામ.સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલ છે. સદર ફો.પ.અઅરજદાર/આરોપી ૭૫ વર્ષની ઉંમર છે, જયારે ફો.પ.અ.નં. ૫૨/૨૬ ના અરજદાર/આરોપીની ૬૬ વર્ષની ઉંમર છે, અરજદારો/આરોપીઓ ગામ બહાર રહે છે, અરજદારો/આરોપીઓ બીમાર છે, અરજદારો/આરોપીઓની શરત રદ કરવાની અરજી મંજુર કરવામા આવે તો ટ્રાયલને અસર થાય તેમ નથી કેમ કે ફરીયાદી ધારી તાલુકાના છે. ફરીયાદીની જુબાની થઈ ગયેલ છે. જેથી અરજદારો/આરોપીઓની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. અરજદાર/આરોપીએ ગામમા પ્રવેશ કર્યાનો કોઈ રેકર્ડ/ફરીયાદ નથી. જેથી અરજદાર/આરોપીની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

4. સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રીએ જામીનની શરત રદ કરવાની અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ ગંભીર ગુનાનો આરોપ છે , આરોપી ધ્વારા અગાઉ જામીનની શરતમા ફેરફાર કરવાની અરજી કરવામા આવેલ હતી જે નામ.કોર્ટે નામંજુર કરેલ છે. ત્યારબાદ સંજોગોમાં કોઈ ફેરબદલ થયેલ નથી. નામ.ગુજરાત હાઈકોર્ટે સમગ્ર ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી ગામમા પ્રવેશ ન કરવાની શરત સમજી વિચારીને લાદેલ છે ત્યારે આ તબકકે તેમા આરોપી છુટ મેળવવાને પાત્ર થતા નથી. આરોપીઓ ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટની શરતનો ભંગ કરીને ગામમા પ્રવેશ કર્યાનો જણાય આવે છે. જે બાબતે ત.ક.અમલદાર ધ્વારા આંક-૮ થી વધારાનો રીપોર્ટ કરેલ છે અને સાથે નિવેદન રજુ રાખેલ છે. જે તમામ હકીકત અને સંજોગોને ધ્યાને લેતા આરોપીઓને ગામમા પ્રવેશ કરવા પરવાનગી મળ્યેથી ફરીયાદપક્ષના પુરાવાને વિપરીત અસર થાય તેવી શકયતા છે. વિ.એ.પી.પી.શ્રી વધુમા

જણાવે છે કે ત.ક.અમલદાર ધ્વારા આરોપી ધ્વારા કરવામા આવેલા શરત ભંગ બાબતે તપાસ કરતા ગામના લોકોના નિવેદન લીધેલ છે. જેઓને વાતોવાતથી જાણવા મળેલ છે કે આરોપીઓ ગામમા આવે છે અને સદર સાહેદો ધ્વારા આરોપીને ગામમા પ્રવેશ સામે સખત વાંધો ઉઠાવેલ છે. વિ.એ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે આરોપીઓ સાતીર છે તેથી સી.સી.ટી.વી.કુટેઝીમા ન આવે તે રીતે ગામમા પ્રવેશ કરે છે. આરોપીઓને ગામમા પ્રવેશવાની પરવાનગી આપવામા આવશે તો મહત્વના સાહેદોને તોડી નાખશે. જે તમામ હકીકત અને સંજોગોને ધ્યાને લેતા અરજી નામંજુર કરવી જોઈએ.

5. આ કામે ત.ક.અમલદારનુ આંક–૬ નુ સોગંદનામું ધ્યાને લેતા હાલના ગુનામા હાલના આરોપીની ભુમિકા ધ્યાને લેતા આ કામના ફરીયાદીના બહેન રસીલાબહેનના પતિ જયેશભાઈ પાંચેક વર્ષ પહેલા અકસ્માતમા મરણ ગયેલ હોય અને ફરીયાદીના બહેન તેના સસરાના મકાનમાં એકલા રહેતા હોય અને તેઓ તેમના ગામના ભાવેશભાઈ કેશુભાઈ ડોબરીયાની વાડીએ મજુરીકામ કરવા જતા હોય તે આરોપીને ગમતુ ન હોય જેથી આરોપીએ કોઈપણ રીતે ફરીયાદીના બહેન રસીલાબેનને માથાના ભાગે ઈજા કરી, ગળાટુપો આપી, પંખા સાથે લટકાવી, મોત નીપજાવી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. ત.ક.અમલદાર ધ્વારા તેમના સોગંદનામામા જણાવેલ છે કે આરોપીઓને ગામમા પ્રવેશ કરવાની પરવાનગી આપવામા આવે તો તેઓ સાહેદો સાથે ઝઘડો કરે તેવી પુરેપુરી શકયતા છે, આરોપીઓ ખુબજ ઝનુની સ્વભાવના છે, ગામમા દહેશતનો માહોલ બને તેવી શકયતા છે, અરજીમા જણાવેલા કારણોમા કોઈ તથ્ય નથી, બીજો કોઈ મોટો ગુનો કરી બેસે તેવી દહેશત છે જેથી અરજી નામંજુર કરવા જણાવેલ છે. ત્યારબાદ આંક

–૮ થી વધારાનો રીપોર્ટ રજુ રાખેલ છે. જેમા આરોપીઓ જામીન મુકિત દરમ્યાન શરતનો ભંગ કરીને ગામમાં પ્રવેશેલા હોવાનુ જણાવી સાહેદોના તે બદલ નિવેદન લીધેલ છે. જે રજુ રાખેલ છે.

6. પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાથે રેકર્ડ ઉપરની હકીકતને ધ્યાને લેવામા આવે તો આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૩૦૨, ૧૨૦–બી., ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આરોપ છે. ફરીયાદની વિગતે આરોપી નં.૧ ના પુત્રના લગ્ન ભોગ બનનાર સાથે ૨૦૦૪ ના વર્ષમાં કરવામાં આવેલા. આરોપી નં.૧ ના પુત્ર સને ૨૦૧૭ માં મરણ ગયેલ. ભોગ બનનારનો મોટો પુત્ર સુરત મુકામે હિરા ઘસવાનુ કામ કરતા હતા. નાનો દિકરો આરોપી નં. ૧ સાથે રહેતો હતો. આરોપી નં.૧ નાએ ફરીયાદ કર્યાના ૨ વર્ષ પહેલા ભોગ બનનારના કુલહારથી બીજા લગ્ન કરાવેલા. પરંતુ ત્યાં ભોગ બનનારને ન ફાવતા ૨ માસમા ભોગ બનનાર છુટા થઈને તેણીના સાસરે એટલે કે આરોપી નં.૧ ના ઘરે પરત આવી ગયેલા. ત્યારબાદ ભોગ બનનારના ભાઈ એવા ફરીયાદી ધ્વારા ભોગ બનનારનુ બીજી જગ્યાએ લગ્ન કરાવેલ. પરંતુ ત્યાં ભોગ બનનારના બન્ને દિકરાઓને ન ફાવતા ભોગ બનનાર પરત તેણીના સાસરીના ઘરમાં આવી ગયેલા. જે સામે આરોપીના નિવેદન મુજબ ભોગ બનનારે તેણીના બીજે જયાં લગ્ન થયેલ હતા ત્યાં સાહેદ ભાવેશ ડોબરીયાનાઓ આવતા તેણીના પતિએ સદર ભાવેશ ડોબરીયાને ન બોલાવવા માટે ભોગ બનનારને જણાવેલ. પરંતુ ભોગ બનનાર માનેલા નહીં અને સદર ભાવેશ ડોબરીયા તેમના નવા પતિના ઘરે આવશે જ તેમ જણાવેલ. જેથી ભોગ બનનારના નવા પતિ તેણીને પરત મુકી ગયેલા. જે બાદ

થોડા સમય પછી ભોગ બનનાર આરોપીના ગામમા ચણાકા મુકામે આવીને આરોપીની એક જ ડેલીમા તેણીના સાસુ–સસરાથી અલગ રહેતા હતા અને મજુરી કામ કરતા હતા. ભોગ બનનાર આરોપી નં.૧ ના ગામના ભાવેશભાઈ ડોબરીયાને ત્યાં મજુરી કામે જતા હતા અને રાત્રે મોડા આવતા હતા. ભોગ બનનારને સદર ભાવેશભાઈ ડોબરીયા સાથે સબંધો હોવાની ગામમાં વાતો થતી હોય આરોપી નં.૧ ભોગ બનનારના ચારીત્ર બાબતે શંકા કરીને ઝઘડો કરતા હતા. ભોગ બનનાર ધ્વારા આરોપી નં.૧ ના પુત્રના રૂપીયા દશ લાખ ભાવેશ પાછળ વાપરી આ ભાવેશભાઈ સાથે લગ્ન કરી લેશે અને પાછળ કાંઈ રહેવા દેશે નહીં તેમ માનીને આરોપી નં.ર સાથે મળીને આરોપી નં.૧ નાએ ભોગ બનનારનુ રાત્રીના સમયે ગળે ફાંસો આપીને ખુન કરી નાખ્યાનો અને સ્થળ ઉપર લોહી સાફ કરી દેવાનુ, લોહીવાળા કપડા તથા ભોગ બનનારના મોબાઈલ બાળી નાખવાના તથા ગુનામા વપરાયેલ મુદામાલ સંતાડી દેવા જેવા ગુના આચરેલાનો આરોપ છે. જેમા કેસની હકીકતને ધ્યાને લઈને અગાઉ આરોપીઓની એફ.આઈ.આર. ના તબકકે જામીન અરજીઓ નામંજુર કરવામા આવેલ હતી. ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થયેલ. આરોપી નં.ર ને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સી.આર.એમ.એ.નં. ર૮૯૫/ર૦ર૫ ના કામે તા.ર૮/ર/ર૦ર૫ ના રોજ હુકમ કરીને શરતોને આધીન જામીન મુકત કરેલ. જે હકીકત ધ્યાને લઈને તત્કાલીક વિધ્વાન સેશન્સ જજશ્રી ધ્વારા તા.૭/૩/ર૦ર૫ ના રોજ શરતોને આધીન આરોપી નં.૧ ને જામીન મુકત કરેલ છે.

**7.** નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સેશન્સ કોર્ટ ધ્વારા સદર

જામીન મુકિતના હુકમમા લાદવામા આવેલી શરતો પૈકી આરોપીઓને પોતાના ગામમા એટલે કે ચણાકા ગામમાં કેસનો નિર્ણય ન થાય ત્યાંસુધી પ્રવેશ ન કરવાની શરતના કારણે આરોપીઓને તકલીફ પડતી હોવાનુ, આરોપીઓ વૃધ્ધ ઉંમરના હોવાનુ, આરોપીઓ બીમાર હોવાનુ અને તેઓની દવા ચાલતી હોય તથા પોતાના ગામ બહાર જયાં રહે છે ત્યાં સમયસર જમવાનુ ન મળતુ હોવાના કારણોસર સદર શરત એટલે કે ચણાકા ગામમાં કેસના આખરી નિકાલ સુધી પ્રવેશ ન કરવા માટેની શરતને રદ કરવા માટે રજુઆત હાલની અરજીમા કરેલ છે. પરંતુ આરોપીઓ ધ્વારા આ અરજીમા ઉપરોકત જે કારણો દર્શાવેલ છે તે તમામ કારણો અગાઉ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ મીસ્લેનીયસ એપ્લીકેશન નં.૨૮૯૫/૨૦૨૫ ના કામે તા.૨૮/૨/૨૦૨૫ ના રોજ આરોપી નં. ૨ ને જામીન મુકત કરતો જે હુકમ કર્યો તે સમયે તથા આરોપી નં.૧ ને તત્કાલીન વિધ્વાન સેશન્સ જજશ્રી ધ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૨/૨૦૨૫ ના કામે તા.૭/૩/૨૦૨૫ ના રોજ જામીન મુકિતનો જે હુકમ કર્યો તે સમયે આ તમામ કારણો અસ્તિત્વ ધરાવતા હતા. એટલુ જ નહીં હાલની અરજી અને તેમા જણાવેલા કારણોસર એટલે કે એના એ જ કારણો દર્શાવીને અગાઉ અત્રેની સેશન્સ કોર્ટમા ફો.પ.અ.નં.૯૩/૨૫ તથા ૯૪/૨૫ થી આરોપીઓને ચણાકા ગામમા પ્રવેશ કરવા પરવાનગી આપવા અને તે રીતે જામીનની શરતને રદ કરવા અરજી કરેલ હતી. જે અરજી વિગતવારના કારણો સાથે અત્રેની અદાલત ધ્વારા તા.૨૯–૭–૨૦૨૫ ના રોજ આ અદાલત ધ્વારા નામંજુર કરવામા આવેલ છે. આમ છતાં આજ કારણો આગળ ધરીને ફરીથી હાલની અરજીઓ આરોપીઓ ધ્વારા કરવામા આવેલ છે. વિગત સમયમાં કોઈ સંજોગોમાં કે હકીકતમા ફેરફાર થયેલ નથી કે નવા કે વધારાના કોઈ સંજોગો આ સમય દરમ્યાન ઉભા થયેલ નથી. આ સંજોગોમાં

આ અરજી મંજુર કરવા માટેનુ આ અદાલતને કોઈ કારણ જણાતુ નથી.

8. વધુમાં રજુ પોલીસ એફીડેવીટ તથા પોલીસ રીપોર્ટને ઘ્યાને લેવામા આવે તો સાહેદ ભાવેશભાઈ ડોબરીયાનુ નિવેદન લેતા તેઓને આરોપીઓથી ભય હોવાનુ જણાવેલ છે. પોલીસ અભિપ્રાય મુજબ આરોપીઓ ફરી વખત ઝઘડો, તકરાર કરશે અથવા સાહેદોને લોભ, લાલચ આપશે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતાને ઘ્યાને લઈને અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. એ હકીકત છે કે આરોપી નં.૧ નાઓ ૭૫ વર્ષના વયોવૃઘ્ધ છે. આરોપી નં.૨ નાઓ પણ ૬૬ વર્ષની ઉંમરના છે. પરંતુ આ ઉંમરની વ્યકિત ઘ્વારા જે રીતે અને પ્રકારે ગુનો આચરવામાં આવેલ હોવાનો આક્ષેપ છે તેને ઘ્યાને લેતા માત્ર ઉંમરના કારણે આરોપીઓ પુરાવા સાથે ચેડા ન કરે તેવુ માનવાને કારણ રહેતુ નથી. એ હકીકત છે કે, ફરીયાદી અને આરોપી જુદા જુદા ગામના છે અને ફરીયાદીનો પુરાવો નોંધાય ચુકેલ છે. પરંતુ ગુનાહીત બનાવ આરોપીના ગામ ચણાકામાં બનેલ છે અને ફરીયાદપક્ષના સાહેદો ચણાકા ગામના છે. આ સંજોગોમાં ચણાકા ગામમાં પ્રવેશથી પુરાવા સાથે ચેડા થવાની અને સાહેદોમા ડર ઉભો થવાની તપાસ એજન્સીની રજુઆતને ઘ્યાને લેતા આ અદાલતને આ તબકકે પોતાની મનસુફીની સતાનો ઉપયોગ કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો નથી. વધુમા શરત રદ માટેના જે કારણો દર્શાવેલ છે તે કારણો પણ વ્યાજબી અને પુરતા કારણો જણાતા નથી. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

1. આરોપી શંભુભાઈ વશરામભાઈ માંડવીયાની ફો.પ.અ.નં.૫૧

/૨૦૨૬ તથા આરોપી દુર્લભભાઈ બાવાભાઈ વઘાશીયાની ફો.પ.અ. નં.પ૨/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

2. આ હુકમની એક નકલ ફો.પ.અ.નં. પ૨/૨૦૨૬ સાથે સામેલ રાખવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ **તારીખ ૨૩ મી માહે : માર્ચ સને ૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૩.૩ .૨૦૨૬
સ્થળ : વિસાવદર.

**( હેતલકુમાર વિનોદરાય જોશી )**
ચોથા એડીશનલ સેસન્સ જજ, વિસાવદર.
કોડ નં.જીજે.૦૦૫૯૯